# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 02-10-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

*****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે બહાદુર ભારતીય પાયલોટ કેપ્ટન સ્મિત મચ્છર સાથે વાત કરી
2. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની 157મી જન્મજયંતિ – દિલ્હીમાં રાજઘાટ અને અમદાવાદમાં સાબરમતી આશ્રમ ખાતે સર્વધર્મ પ્રાથના યોજાઇ
3. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે G-20 વેપાર મંત્રીઓની બેઠકથી અલગ ફ્રાન્સ, કેનેડા, સાઉદી અરેબિયા અને દક્ષિણ કોરિયાના વેપાર મંત્રીઓ સાથે દ્વિપક્ષીય બેઠકો યોજી
4. હવામાન વિભાગ જણાવ્યું કે પરિસ્થિતિ અનુકૂળ બનવાની શક્યતા છે કારણ કે દેશના કેટલાક ભાગોમાંથી ટૂક સમયમાં દક્ષિણપશ્ચિમ ચોમાસું વિદાય લેશે
5. જાપાનમાં રમાઈ રહેલી એશિયન ગેમ્સમાં ભારત 12 સુવર્ણ, 25 રજત અને 34 કાંસ્યચંદ્રકો સાથે મેડલ ટેલીમાં છઠ્ઠા સ્થાને પહોંચ્યું

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM-SMIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે બહાદુર ભારતીય પાયલોટ કેપ્ટન સ્મિત મચ્છર સાથે વાત કરી હતી. તેમણે દુબઈથી તેલ અવીવ જઈ રહેલી ફ્લાયદુબઈ ફ્લાઈટમાં તેના કો-પાઈલટ દ્વારા કરવામાં આવેલા હુમલાને નિષ્ફળ બનાવીને 180 લોકોના જીવ બચાવ્યા હતા. કેપ્ટન મચ્છરે પ્રધાનમંત્રીને તેમના અનુભવ અંગે વિગતવાર જણાવ્યું હતું. પ્રધાનમંત્રી મોદીએ તેમની બહાદુરીની પ્રશંસા કરી અને તેમને ઝડપથી સ્વસ્થ થવાની શુભેચ્છા પાઠવી.

(BYTE- PM MODI)

# PILOT ASSAULT PROBE

કેપ્ટન સ્મિત મચ્છર પર હુમલો કરનાર આરોપી સહ-પાયલટને અબુ ધાબી મોકલી દેવામાં આવ્યો છે. સાઉદી પ્રેસ એજન્સી – એસપીએ સાઉદી ગૃહ મંત્રાલયના સત્તાવાર સૂત્રોને ટાંકીને જણાવ્યું છે કે બંને પાયલટ તબીબી તપાસ બાદ અબુ ધાબી જવા રવાના થયા છે. અબુ ધાબીમાં ભારતીય દૂતાવાસે ગઈકાલે માહિતી આપી હતી કે કેપ્ટન મચ્છરને UAE લાવવામાં આવ્યા છે અને તેમના સ્વાસ્થ્યમાં સુધારો થઈ રહ્યો છે.

એસપીએ જણાવ્યું કે યુએઈ-સાઉદી અરેબિયા સુરક્ષા ટીમ સાથે સંકલનમાં સાઉદી અધિકારીઓ દ્વારા હાથ ધરવામાં આવેલી પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે કોઈ કારણસાર બોલાચાલી થઈ હતી જેમાં સહ-પાયલટે કેપ્ટન પર હુમલો કર્યો હતો, જેના પરિણામે બંનેને ઇજાઓ થઈ હતી.

# GANDHI JAYANTI

આજે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૭મી જન્મજયંતિ નિમિત્તે સમગ્ર રાષ્ટ્ર તેમને શ્રદ્ધાંજલિ આપી રહ્યું છે. દેશ-વિદેશમાં ભારતીય મિશન દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

દિલ્હીમાં મહાત્મા ગાંધીના સ્મારક રાજઘાટ ખાતે એક આંતરધાર્મિક પ્રાર્થના સભાનું આયોજન કરાયું હતું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે સર્વ ધર્મ પ્રાર્થનામાં હાજરી આપી અને રાષ્ટ્રપિતાને પુષ્પાંજલિ અર્પણ કરી. ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણન, પ્રધાનમંત્રી નરેન્દ્રમોદી , લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા , કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રી મનોહર લાલ અને દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ પણ રાજઘાટ ખાતે મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું કે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનું જીવન અને આદર્શો વિશ્વભરમાં આદરણીય છે.વિશ્વના ઘણા ભાગોમાં ચાલી રહેલા યુદ્ધ અને સંઘર્ષના સંદર્ભમાં ગાંધીજીનો શાંતિ અને અહિંસાનો સંદેશ પહેલા કરતાં વધુ સુસંગત બન્યો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્રમોદીએ સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું કે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનું સમગ્ર જીવન સત્ય , અહિંસા, કરુણા અને સેવાનું દીવાદાંડી છે. તેમણે ઉમેર્યું બાપુના આદર્શો તમામ યુગોમાં માનવતા માટે માર્ગદર્શક પ્રકાશ રહેશે. ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણને કહ્યું કે મહાત્મા ગાંધીનો સત્ય અને અહિંસા

પ્રત્યેનો અતૂટ વિશ્વાસ , ન્યાય પ્રત્યેની અડગ પ્રતિબદ્ધતા અને દરેક વ્યક્તિના ગૌરવમાં ઊંડી શ્રદ્ધા માનવતાને પ્રેરણા આપે છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે મહાત્મા ગાંધીએ તેમના સમગ્ર જીવન દરમિયાન શીખવ્યું કે જ્યારે કાર્યોમાં ભક્તિ અને વિચારોમાં શુદ્ધતા હોય છે , ત્યારે કોઈ પણ લક્ષ્ય અશક્ય નથી.

આ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી , લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા , કેન્દ્રીય મંત્રીઓ રાજનાથ સિંહ, જે પી નડ્ડા, કિરેન રિજીજુ સહિતના નેતાઓએ આજે નવી દિલ્હીના સંવિધાન સદનમાં મહાત્મા ગાંધીને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ભાજપ અધ્યક્ષ નીતિન નવીન , કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે , લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી ,સંસદના વરિષ્ઠ અધિકારીઓ અને શાળાના વિદ્યાર્થીઓએ પણ શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

# SPECIAL GRAM SABHA - GANDHI JAYANTI

ગાંધી જયંતિ નિમિત્તે આજે દેશભરમાં વિશેષ ગ્રામસભાઓ યોજાશે. આ બેઠકોમાં ગ્રામીણ ભારતમાં પંચાયતી રાજને મજબૂત બનાવવા , જાહેર સેવાઓમાં સુધારો કરવા અને ગ્રામજનોના જીવનધોરણમાં સુધારો કરવા માટે હાથ ધરવામાં આવતા વહીવટી સુધારાઓની ચર્ચા કરવામાં આવશે.

ગ્રામીણ વિકાસ મંત્રાલયના જણાવ્યા અનુસાર , આ ખાસ ગ્રામસભાઓ જન આયોજન અભિયાન 2026-27 - સબકી યોજના, સબકા વિકાસના પ્રારંભને પણ ચિહ્નિત કરશે. આ અભિયાન હેઠળ , ગ્રામ પંચાયતો જનભાગીદારી અને તથ્યોના આધારે નાણાકીય વર્ષ 2027-28 માટે તેમની વિકાસ યોજનાઓ તૈયાર કરશે.

# GANDHI GANDHI JAYANTI - WORLD

મહાત્મા ગાંધીની જન્મજયંતિ આજે વિશ્વભરમાં ઉજવવામાં આવી રહી છે. ઘણા દેશોમાં ભારતીય રાજદ્વારી મિશનોએ ગાંધીજીની પ્રતિમાઓ પર પુષ્પાંજલિ અર્પણ કરીને અને સત્ય, અહિંસા અને શાંતિના તેમના સંદેશને યાદ કર્યો.

ઓસ્ટ્રેલિયામાં ભારતીય ઉચ્ચ કમિશને કેનબેરામાં ગાંધીજીની પ્રતિમા પર પુષ્પાંજલિ અર્પણ કરી. જાપાનમાં ભારતીય રાજદૂત નગ્મા મલિકે અધિકારીઓ અને ભારતીય સમુદાયના સભ્યો સાથે ટોક્યોમાં ગાંધીજીની પ્રતિમા પર પુષ્પાંજલિ અર્પણ કરી. ન્યુઝીલેન્ડમાં ભારતીય ઉચ્ચ કમિશનર મુઆનપુઇ સયાવી અને અન્ય મહાનુભાવોએ ગાંધીજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી અને તેમના ઉપદેશોને યાદ કર્યા.

કંબોડિયામાં ભારતીય રાજદૂત , વાનલાલાવ્ના બાવિટલુઆંગ , દૂતાવાસના અધિકારીઓ અને ભારતીય સમુદાયના સભ્યો સાથે , ગાંધીજીની પ્રતિમા પર પુષ્પાંજલિ અર્પણ કરી. દરમિયાન , ભારતમાં નોર્વેજીયન રાજદૂત , મે-એલિન સ્ટેઇનરે, સાબરમતી આશ્રમની તેમની મુલાકાતને યાદ કરી. તેમણે કહ્યું કે ગાંધીજીના સંદેશા આજે પણ લોકોને પ્રેરણા આપે છે.

# STOCK MARKET HOLIDAY

આજે મહાત્મા ગાંધી જયંતિ નિમિત્તે ભારતીય શેરબજાર બંધ રહ્યું છે. સોમવારે બજારો ફરી ખુલશે. રજા પહેલા , બેન્ચમાર્ક સૂચકાંકો સતત વેચવાલી દબાણ હેઠળ હતા અને સતત આઠ અઠવાડિયાથી ઘટી રહ્યા હતા.

# SHASHTRIJI BIRTH ANNIVERSARY

આજે દેશના બીજા પ્રધાનમંત્રી લાલ બહાદુર શાસ્ત્રીની ૧૨૨મી જન્મજયંતિ નિમિત્તે સમગ્ર રાષ્ટ્ર તેમને શ્રદ્ધાંજલિ આપી રહ્યું છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ , ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્રમોદીએ નવી દિલ્હીના સ્મારક વિજય ઘાટ ખાતે ભૂતપૂર્વ પ્રધાનમંત્રી લાલ બહાદુર શાસ્ત્રીને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણને કહ્યું કે તેઓ શાંત શક્તિ અને અસાધારણ સંકલ્પના નેતા હતા , જેમણે નમ્રતા , પ્રામાણિકતા અને રાષ્ટ્ર પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતાનું ઉદાહરણ આપ્યું.

પ્રધાનમંત્રી નરેન્દ્રમોદીએ સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું કે લાલ બહાદુર શાસ્ત્રીની સાદગી અને રાષ્ટ્ર પ્રત્યેનું સમર્પણ આજે પણ પ્રેરણાદાયક છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નોંધ્યું કે શાસ્ત્રીજીએ 'જય જવાન , જય કિસાન'ની ઘોષણા સાથે દેશના અન્નદાતાઓ અને સરહદ રક્ષકોને દેશની શક્તિ અને ગૌરવના પ્રતીકો બનાવ્યા હતા.

ડઆ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી , લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા , કેન્દ્રીય મંત્રીઓ રાજનાથ સિંહ , જે પી નડ્ડા , સહિતના નેતાઓએ આજે નવી દિલ્હીના સંવિધાન સદનમાં લાલ બહાદુર શાસ્ત્રીને પુષ્પાંજલિ અર્પણ કરી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# SPECIAL STORY - ATAL TUNNEL (FOR MIDDAY BULLETIN ON 02-10-2026)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જાહેર સેવામાં 25 વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. સેવા અને સુશાસનના દ્રષ્ટિકોણથી પ્રેરિત સરકાર 2047 સુધીમાં વિકસિત ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે અવિરતપણે કાર્ય કરી રહી છે. આ સમર્પણ સમાવિષ્ટ વિકાસ અને સામાજિક સશક્તિકરણ દ્વારા લોકોના જીવનમાં પણ પરિવર્તન લાવી રહ્યું છે. આજે અમારી ખાસ શ્રેણીમાં અમે તમને અટલ ટનલ દ્વારા આ દ્રષ્ટિકોણને સાકાર કરવાનું એક ઉદાહરણ રજૂ કરીએ છીએ.

(VC - શિરાલી ચાવડા)

*અત્યંત પડકારજનક ભૌગોલિક પરિસ્થિતિઓમાં વિશ્વ વિખ્યાત રોહતાંગ પાસ નીચે બાંધવામાં આવેલ અટલ ટનલ, આધુનિક એન્જિનિયરિંગ અને બોર્ડર રોડ્સ ઓર્ગેનાઇઝેશનની તકનીકી કુશળતાનું એક નોંધપાત્ર ઉદાહરણ છે. દેશના મહત્વપૂર્ણ માળખાગત અને વ્યૂહાત્મક પ્રોજેક્ટ્સમાંની એક, અટલ ટનલ કુલ્લુ અને હિમાચલ પ્રદેશના આદિવાસી જિલ્લા લાહૌલ-સ્પિતિ વચ્ચે તમામ ઋતુઓ , વર્ષભર જોડાણ પૂરું પાડે છે.*

*જે રાજ્યમાં વિકાસ , પ્રવાસન અને વ્યૂહાત્મક જોડાણ માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન તરીકે પણ ઉભરી આવી છે. સમુદ્ર સપાટીથી લગભગ દસ હજાર ફૂટની ઊંચાઈ પર સ્થિત અને નવ કિલોમીટરથી વધુ લંબાઈ ધરાવતી અટલ ટનલનું ઉદ્ઘાટન 3 ઓક્ટોબર 2020 ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવ્યું*

હતું. આ પ્રોજેક્ટ લગભગ ત્રણ હજાર બેસો કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવ્યો હતો.

આ ટનલથી પ્રદેશના લોકોના જીવનમાં નોંધપાત્ર સકારાત્મક પરિવર્તન આવ્યું છે. લાહૌલ-સ્પિતિના જિલ્લા મુખ્યાલય કીલોંગના રહેવાસી સોનમ જાંગપો કહે છે કે આ ટનલથી પરિવહન , વેપાર, આરોગ્યસંભાળ અને શિક્ષણ જેવી આવશ્યક સેવાઓની પહોંચમાં સુધારો થયો છે. તેમણે પ્રદેશને આ ઐતિહાસિક ભેટ બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આભાર વ્યક્ત કર્યો.

(બાઇટ – લાભાર્થી)

અટલ ટનલથી હિમાચલ પ્રદેશમાં પ્રવાસનને મોટો વેગ મળ્યો છે એટલું જ નહીં, પરંતુ સરહદી વિસ્તારો , ખાસ કરીને લેહ-લદ્દાખ સાથે તમામ ઋતુઓમાં કનેક્ટિવિટી પણ સુગમ બની છે.

# GOYAL- G20

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે અમેરિકાના મિલવૌકીમાં G-20 વેપાર મંત્રીઓની બેઠકથી અલગ ફ્રાન્સ , કેનેડા, સાઉદી અરેબિયા અને દક્ષિણ કોરિયાના વેપાર મંત્રીઓ સાથે દ્વિપક્ષીય બેઠકો યોજી હતી. આ બેઠકોમાં સંબંધિત દેશો સાથે વેપાર સંબંધોને મજબૂત કરવા પર ચર્ચા કરવામાં આવી હતી.

ફ્રાન્સના વિદેશ વેપાર અને આર્થિક બાબતોના મંત્રી નિકોલસ ફૌરીસિયર સાથેની બેઠકમાં શ્રી ગોયલે વેપાર અને રોકાણ વધારવા, ભારત-EU મુક્ત વ્યાપાર સમજૂતીને વહેલી તકે પૂર્ણ કરવા અને એરક્રાફ્ટ મેન્યુફેક્ચરિંગ , UPIનું એકીકરણ અને સંયુક્ત નવીનતાના ક્ષેત્રોમાં સહકાર વધારવા અંગે ચર્ચા કરી હતી.

કેનેડાના આંતરરાષ્ટ્રીય વેપાર મંત્રી મનિન્દર સિદ્ધુ સાથેની બેઠકમાં બંને દેશોએ વ્યાપક આર્થિક ભાગીદારી કરાર ( CEPA) પર ચાલી રહેલી વાટાઘાટોની સમીક્ષા કરી અને તેને ટૂંક સમયમાં આગળ વધારવાની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેનેડાના પ્રધાનમંત્રી માર્ક કાર્નેએ માર્ચમાં આ કરારની પહેલ કરી હતી. જેનો ઉદ્દેશ્ય 2030 સુધીમાં બંને દેશો વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર $50 બિલિયન ડોલર સુધી વધારવાનો છે.

સાઉદી અરેબિયાના વાણિજ્ય મંત્રી માજિદ બિન અબ્દુલ્લા અલ-કસાબી સાથેની બેઠકમાં શ્રી ગોયલે ભારત અને ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ વચ્ચે મુક્ત વેપાર કરાર માટે ચાલી રહેલી વાટાઘાટોની પ્રગતિ અંગે ચર્ચા કરી હતી.

દક્ષિણ કોરિયાના વેપાર મંત્રી પાર્ક જુંગ-સુંગ સાથેની બેઠકમાં ભારત-દક્ષિણ કોરિયા વ્યાપક આર્થિક ભાગીદારી કરારને અપગ્રેડ કરવાના પ્રસ્તાવ પર ચર્ચા કરવામાં આવી હતી.

બંને પક્ષોએ સંતુલિત વેપાર વૃદ્ધિ , ભારતીય કૃષિ ઉત્પાદનો, ફાર્માસ્યુટિકલ્સ અને દરિયાઈ ઉત્પાદનો માટે બજારની સુલભતા અને ભારતમાં દક્ષિણ કોરિયાના ઉત્પાદન રોકાણમાં વધારો કરવાની તકો અંગે પણ ચર્ચા કરી હતી.

# DAY IMD WEATHER

હવામાન વિભાગે આજે અરુણાચલ પ્રદેશમાં ભારે વરસાદની આગાહી કરી છે. વિભાગે જણાવ્યું છે કે આગામી 24 કલાક દરમિયાન, પરિસ્થિતિ અનુકૂળ બનવાની શક્યતા છે કારણ કે પંજાબ , હરિયાણા, રાજસ્થાન, ઉત્તરપ્રદેશના બાકીના ભાગો અને ગુજરાત અને મધ્યપ્રદેશના મોટાભાગના ભાગોમાંથી દક્ષિણપશ્ચિમ ચોમાસું ધીમું પડશે.

હવામાન વિભાગે કહ્યું છે કે આંધ્રપ્રદેશ , કેરળ, માહે, પશ્ચિમ બંગાળના ઉપ-હિમાલયી પ્રદેશ અને સિક્કિમમાં આવતીકાલ સુધી વાવાઝોડા સાથે વીજળી પડશે. ઉપરાંત, આગામી બે દિવસ દરમિયાન આંધ્રપ્રદેશમાં ભારે પવન ફૂંકાશે તેવી શક્યતા છે.

# ASIAN GAMES-ARCHERY GOLD SILVER

જાપાનમાં 20મી એશિયન ગેમ્સમાં આજે ભારતે બોક્સિંગમાં સુવર્ણચંદ્રક જીત્યો. લોવલીના બોર્ગોહેને 75 કિલોગ્રામ વર્ગમાં ચીનની બાઓ ઝીયીને હરાવીને 12 વર્ષમાં મહિલા બોક્સિંગમાં ભારતનો પહેલો સુવર્ણચંદ્રક જીત્યો.

મહિલા રિકર્વ ટીમ તીરંદાજી ઇવેન્ટમાં સુવર્ણચંદ્રક જીતીને ભારતે ઇતિહાસ રચ્યો. ફાઇનલમાં અંકિતા ભકત , કીર્તિ શર્મા અને કુમકુમ મોહોડની ભારતીય ટીમે વિશ્વ ચેમ્પિયન અને દસ વખતની ઓલિમ્પિક ચેમ્પિયન દક્ષિણ કોરિયાને 5-3 થી પરાજય આપ્યો. એશિયન ગેમ્સમાં મહિલા રિકર્વ ટીમ ઇવેન્ટમાં આ ભારતનો પ્રથમ સુવર્ણચંદ્રક છે.

સેમિફાઇનલમાં ભારતીય ટીમે ચીનને 5-1 થી હરાવીને પ્રથમ વખત ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. દરમિયાન રિકર્વ મિક્સ્ડ ટીમ તીરંદાજીમાં ભારતે રજત ચંદ્રક જીત્યો. કુમકુમ મોહોડ અને ધીરજ બોમ્મદેવરાની ભારતીય જોડીએ રજત ચંદ્રક જીત્યો.

મહિલાઓની નૌકાયાન ઇવેન્ટમાં ભારતની નેત્રા કુમાનને કાંસ્યચંદ્રક જીત્યો. ભારત 12 સુવર્ણ, 25 રજત અને 34 કાંસ્યચંદ્રકો સહિત 70 ચંદ્રકો સાથે મેડલ ટેલીમાં છઠ્ઠા સ્થાને પહોંચી ગયું છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદીમુર્મુ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એશિયન ગેમ્સમાં ચંદ્રક વિજેતાઓને અભિનંદન પાઠવ્યા છે.